અંક ૨

એપ્રિલ ૨૦૧૮

# અક્રમ ઝલક

## The DBF Insider









## પૂજયશ્રીનો ૨૦૧૮ માટે સંદેશ :

# ‘કષાય રહિત સેવા’



૨૦૧૮ નું વર્ષ દાદાજીની ૧૧૧ મી જન્મજયંતીનું વર્ષ છે, જે આપણે સહુ ભક્તિમાં અને આરાધનામાં કાઢીશું. મહાત્માઓ જન્મજયંતી અને દાદાના જગત કલ્યાણના પ્રોજેક્ટમાં સેવા આપતાં જ હોય છે. દાદામાં સેવા ના આપતાં હોય તો ઘરમાં કે ઓફિસમાં સેવાનો વ્યવહાર આવતો જ હોય છે. પૂર્વે કરેલા રાગ, દ્વેષ, મોહના ફળરૂપે આ વ્યવહાર આવે છે. આ ફળ ભોગવી લેવાના અને નવા કષાય ઉત્પન્ન ન થાય એ જાગૃતિ સાથે વ્યવહાર પૂરા કરવા છે. આ દાદાના કામમાં તો ક્રોધ, માન, માયા, લોભ હોમી દઈને સેવા આપવાની છે. એ ખલાસ થાય એટલે આપણા આત્મા ખાતે એ સેવા જમા થાય. એ ખલાસ થવા માટે સેવા છે. અથડામણ થાય ત્યારે માન ઘવાય, ધાર્યું ન થાય તો અથડામણ ઊભી થાય, આક્ષેપો પણ આવે. ક્રોધ-માન-માયા-લોભ કૂદાકૂદ કરશે... એ જ્ઞાને કરીને ખાલી કરીશું. જેટલા કષાય જ્ઞાને કરીને ખાલી કરીશું એટલું જ્ઞાન પ્રેક્ટીકલ થતું જશે. આપણે જબરજસ્ત નિશ્ચય કરીએ કે આ વર્ષે કષાય રહિત સેવા આપીશું અને કષાયો જ્ઞાને કરીને ચોખ્ખા કરતાં જઈશું. મન-વચન-કાયા દાદાના જગત કલ્યાણમાં કાર્ય કરતાં રહે, આપણે જ્ઞાનમાં રહીએ અને પાંચ આજ્ઞામાં રહીએ.


પેજ ૩-૪ અક્રમ સમાચાર

પેજ ૫-૭ JJ 111 અપડેટ્સ

પેજ ૮-૧૦ ફોટો સમાચાર

પેજ ૧૧ GNC અપડેટ્સ

પેજ ૧૨ પૂજયશ્રીનો ૪૮ મો જ્ઞાન દિવસ

પેજ ૧૨ નીરુમાની ૧૨મી પુણ્યતિથિ

પેજ ૧૩-૧૪ સેવાર્થીઓના અનુભવો

પેજ ૧૫ ત્રિમંદિર અપડેટ્સ

પેજ ૧૬ જ્ઞાન બુસ્ટર

પેજ ૧૭ સમાધિ મરણ અનુભવ

પેજ ૧૮ નવું પ્રકાશન

પેજ ૧૯-૨૦ સ્પોટલાઈટ

# અક્રમ સમાચાર


જાન્યુઆરીથી
માર્ચ ૨૦૧૮ દરમ્યાન
અડાલજ, કડી, આણંદ,
ગોધરા, વડોદરા, મુંબઇ (વાશી,
મીરા રોડ, વિલે પાર્લે), બેલગામ, અમદાવાદ
અને ફરી અડાલજ એમ ૧૧ જ્ઞાનવિધિ
થઇ અને કુલ ૧૨,૪૫૦ લોકો
જ્ઞાન પામ્યાં.

તા.૧૯ માર્ચ પૂજ્ય નીરુમાની પુણ્યતિથિના દિવસે ''દાદા ભગવાન'' મોબાઇલ એપ ને નવી ડીઝાઇન આપવામાં આવી છે અને એમાં ઘણી વિશેષતાઓ ઉમેરવામાં આવી છે જેમ કે,

- હવે દાદા ભગવાન એપ મહાત્માઓને ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ, સ્પેનીશ, જર્મન અને પોર્ટુગીઝ ભાષા પસંદગીના વિકલ્પ આપે છે અને એના આધારે પુસ્તકો, વિડીયો, આપ્તસૂત્ર, દાદાવાણી વગેરે દેખાશે.
- નવા સાધના મોડ્યુલમાં મહાત્માઓ આરતી/વિધિ સાંભળી શકશે તેમજ પૂજ્યશ્રીએ આપેલા હોમવર્ક મેસેજીસ અને સામાયિક ઓફ ધ ડે પણ અહીં જ મળશે.
- નોટીફીકેશન દ્વારા દાદા ભગવાન એપમાં થતા અપડેટની જાણકારી મેળવી શકાશે.
- ભવિષ્યનાં આગામી સત્સંગ કાર્યક્રમો માટે, સત્સંગ શેડયુલમાં અને પોતાના ફેવરીટ પ્રોગ્રામ માટે, વેબ ટી.વી. અને વેબ રેડિયોમાં રીમાઈન્ડર સેટ કરી શકાશે.
- આ એપમાં સર્ચની સગવડ પણ ઉમેરવામાં આવી છે. સર્ચ થકી એપમાં કોઇ એક શબ્દ નાંખીને તેના સંબંધિત આપ્તસૂત્ર, વિડીયો, પુસ્તકો અને દાદાવાણી મેળવી શકાશે.
-આ એપ દ્વારા તમે વિડીયોમાં જ્યાં છેલ્લે અટક્યા છો ત્યાંથી જ ફરીથી પ્લે કરી શકશો.

તો મહાત્માઓ, આજે જ દાદા ભગવાન એપ ઇન્સ્ટોલ અથવા અપડેટ કરી લેશો. આ એપ ગુગલ પ્લે સ્ટોર અને એપલ સ્ટોર પર ઉપલબ્ધ છે.






અ-કનેક્ટ એપ હવે પહેલાં કરતાં વધુ ફીચર્સ સાથે અપડેટ કરવામાં આવી છે. એ-કનેક્ટનું વર્ઝન ૪ પૂજ્યશ્રીના લાઇવ સત્સંગ દેખાડવા સક્ષમ બન્યું છે. હવે એ-કનેક્ટ મેસેજમાં PDF તથા ઓડિયો ફાઇલ પણ મેળવી શકાશે. નવા વર્ઝનમાં ઇવેન્ટ અને આઇકાર્ડ મોડ્યુલમાં પ્રવેશ હોમ સ્ક્રીનથી જ થશે. ઇવેન્ટસ ટેબના બધા પેજમાં સર્ચ સુવિધા પણ આપવામાં આવી છે. ટૂંકમાં એ-કનેક્ટ એપ હવે વધુ સરળ અને વધુ સક્ષમ બની છે. મહાત્માઓને વિનંતી છે કે તેઓ આજે જ આ એપ ઇન્સ્ટોલ અથવા અપડેટ કરી લે.



દાદાના જ્ઞાન લીધેલા
ઘણા મહાત્માઓ જુદા જુદા
કારણોથી રેગ્યુલર સત્સંગમાં નથી
આવી શકતાં. મુમુક્ષુઓ અને નવા જ્ઞાન
લીધેલા મહાત્માઓને દાદાના અક્રમ વિજ્ઞાનની
માહિતી તથા તેની મહત્વતા સરળ રીતે, રમત ગમત સાથે
અને ઇન્ટરેક્ટિવ વાતાવરણમાં પ્રસ્તુત કરવા પૂજ્યશ્રીના આશીર્વાદ
સાથે વર્કશોપની શરૂઆત કરવામાં આવી છે. વર્કશોપનો હેતુ સત્સંગ
કરવાનો નહિ, પરંતુ મહાત્મા અને મુમુક્ષુઓને પૂજ્યશ્રીના પ્રત્યક્ષ સત્સંગ
અને લોકલ સેન્ટરમાં રેગ્યુલર કરવાનો પ્રયાસ છે. દરેક વર્કશોપ ગુજરાતી, અંગ્રેજી
અને હિન્દી ભાષામાં બનાવવામાં આવે છે અને તે લગભગ ૧.૫ કલાકનું હોય છે.
અત્યાર સુધી ૩ વર્કશોપ, ''૫ આજ્ઞા'', ''ચેન્જ બિલીફ ગેટ રિલીફ'', ''ન્યુ એજ
સ્પીરીચ્યુઆલીટી'', દેશ વિદેશમાં લોન્ચ થયેલ છે. આ ત્રણેય વર્કશોપના કુલ મળીને
૧૦૦ થી પણ વધારે સેશન આયોજિત થઇ ચૂક્યા છે, જેનો લાભ ૮૦૦૦ થી પણ
વધારે મહાત્મા અને મુમુક્ષુઓએ લીધેલ છે. ભારત, અમેરિકા, UK, જર્મની,
ઓસ્ટ્રેલિયા, દુબઇ, કેન્યા અને મલેશિયાના લોકલ સત્સંગ સેન્ટરોમાં આ
વર્કશોપ રજૂ થઇ ચૂક્યા છે. વર્કશોપના અનેરા માધ્યમથી દાદાનું
અક્રમ વિજ્ઞાન વધારે ને વધારે મુમુક્ષુ અને મહાત્મા સુધી પ્રસરે
તે હેતુથી અડાલજમાં દાદાની ૧૧૧ મી જન્મજયંતી
દરમ્યાન પણ વર્કશોપ ડોમ રાખવામાં આવશે.
પૂજ્યશ્રીના આશીર્વાદ સાથે આવતા
વર્ષે ઘણા નવા વર્કશોપ પણ
લોન્ચ કરવામાં
આવશે.

સીમંધર સીટી સ્થિત
'સમરસી' (સ્પેશિઅલ કિચન ) પાર્સલ
સર્વિસ શરુ કરવા જઈ રહ્યું છે. આ સર્વિસ
એપ્રિલમાં શરુ થશે જેમાં મહાત્માઓ સમરસીની થાળી
ઘેરબેઠાં માણી શકશે. મહાત્માઓએ સમરસી થાળીનો આસ્વાદ માણવા
માટે ૯૯૨૪૩૪૪૪૨૮ પર ફોન કરી ઓર્ડર આપવાનો રહેશે અને
ત્યારબાદ સમરસી પહોંચી પાર્સલ લઇ જવાનું રહેશે.
સમરસી ભોજન કન્ટેનરમાં પેક કરવામાં આવશે
અને તે માટે ટીફીનની જરૂર નહીં પડે.



# JJ 111 અપડેટ્સ

પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતી મહોત્સવને આપવામાં આવ્યું છે એક નામ...અને તે છે...

## જોવા જેવી દુનિયા

હવે આપ સૌ આતુર હશો કે આ ''જોવા જેવી દુનિયા'' અડાલજમાં કઈ જગ્યાએ થશે ? અત્યારે કયા ડીપાર્ટમેન્ટમાં કઈ કઈ પૂર્વ તૈયારીઓ થઇ રહી હશે ? વગેરે, વગેરે... આવા અનેક પ્રશ્નો આપને ઊભાં થતાં હશે, ખરુંને ? તો ચાલો, સૌ પ્રથમ આપને આપીએ છીએ અત્યાર સુધીની અપડેટ્સ, ''અક્રમ ઝલક''ના માધ્યમથી.

## જી-કનેક્ટ (મહાત્માઓમાં પ્રચાર)

દાદાનું જ્ઞાન લીધા બાદ સત્સંગમાં ન આવતા મહાત્માઓને રેગ્યુલર મહાત્મા બનાવવા માટે જી-કનેક્ટ કાર્યક્રમનો શુભારંભ સુરત, રાજકોટ, મુંબઈ, મહેસાણા, પોરબંદર અને ખેડા સેન્ટરથી થયો છે. આ વિસ્તાર માટે બનાવેલી ઝોનલ ટીમને ૧ લાખ મહાત્માઓનો ડેટા ( વિગત ) આપવામાં આવ્યો છે. અન્ય સેન્ટર પર ૧૫ એપ્રિલ સુધીમાં ડેટા આપવામાં આવશે. આમ કુલ મળીને લગભગ ૪.૫૦ થી ૫ લાખ મહાત્માઓને પરમ પૂજ્ય દાદાશ્રીની ૧૧૧ મી જન્મજયંતી માટે પૂજ્યશ્રીનો વિશેષ સંદેશ અને આમંત્રણ પત્રિકા આપવા આપણા મહાત્માઓ રૂબરૂ જશે અને સેન્ટર પર આવવા ભાવભીનું આમંત્રણ પણ આપશે. આ માટે આપણા મહાત્માઓને ટ્રેનીંગ આપવા સ્પેશિઅલ વિડીયો પણ બનાવવામાં આવ્યો છે. આમંત્રણ પત્રિકા આપવાની શરૂઆત સુરત સેન્ટરથી થશે. હાલમાં લગભગ ૭૫ સેવાર્થીઓ પ્લાનિંગ તથા ડેટા ક્લીનીંગમાં કાર્યરત છે.

## ઇવેન્ટ ગ્રાઉન્ડ



આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમની ઉજવણી ત્રિમંદિર સંકુલથી દાદાનગર સત્સંગ હોલની પાછળ આવેલ રેલ્વે ટ્રેક સુધીની ભૂમિ પર થશે. અક્રમ વિક્રમ ગ્રાઉન્ડ તથા હાલમાં જ્યાં ટેન્ટની સગવડ ઉભી કરાય છે એ ગ્રાઉન્ડ પણ ઉજવણીનો ભાગ રહેશે. તા. ૫ એપ્રિલના પૂજ્યશ્રીએ UK થી વિધિ કરાવતાં ગ્રાઉન્ડનું ક્લીનિંગ તથા લેવલીંગનું કામ શરૂ થયું છે. હાલમાં આ માટે ૨૦ મહાત્માઓની ટીમ કાર્યરત છે.

# ડેકોરેશન

૧૨ બહેનો ડેકોરેશનના કોન્સેપ્ટ પર ઉત્સાહભેર કામ કરી રહ્યાં છે. ડેકોરેશન માટે આપણી સાથે કલકત્તાના આર્ટીસ્ટની ટીમ પણ જોડાઈ છે.

# સેવાર્થી મેનેજમેન્ટ

આખી ઇવેન્ટ માટે ૨ શિફ્ટનું પ્લાનિંગ કરાયું છે જેમાં અંદાજે ૧૦,૦૦૦ જેટલા સેવાર્થીઓ વિવિધ ડીપાર્ટમેન્ટમાં સેવા આપશે. સેવા માટેનું રજીસ્ટ્રેશન ૧૫ એપ્રિલની આસપાસ શરુ થશે.

# કલ્ચરલ, GNC પાર્ક તથા થીમ પાર્ક

કલ્ચરલ કાર્યક્રમો દ્વારા, અડાલજમાં થતા આખા વર્ષના બધા જ પ્રોગ્રામોની એક ઝલક JJ 111 ના ૧૧ દિવસો દરમ્યાન જોવા મળશે, જેમાં ૮ થી ૯ પરફોર્મન્સ રજૂ કરશે. GNC પાર્કમાં દાદાના સિદ્ધાંતોને આવરી લેતાં ૮ થી ૯ થીમ ( ૩ વર્ષ થી ૨૧ વર્ષ સુધી ના બાળકો અને યુવાનો માટે ) ફાઇનલ થયાં છે. થીમ પાર્કમાં ૧૪ થીમ ફાઇનલ થયાં છે.



# NRI મહાત્માઓ દ્વારા

JJ 111 માટે વિદેશના સેન્ટર્સના મહાત્માઓમાં પણ ખુબ ઉત્સાહ અને જોશ છે. અત્યારે વિદેશના મહાત્માઓ નીચેની એક્ટીવીટીમાં ભાગ લઇ રહ્યા છે :

### 1) ઇન્ટરનેશનલ પરેડ

ઓપનીંગ સેરેમનીના દિવસે 'One for 111' થીમ પર ઇન્ટરનેશનલ પરેડ થશે.

### 2) ઇન્ટરનેશનલ ડોમ

'જગત કલ્યાણ' થીમ કે જેમાં ભિન્ન દેશોમાં જગત કલ્યાણ મીશનની શરૂઆત કેવી રીતે થઇ અને અત્યારે એ મીશન કઇ રીતે આગળ વધી રહ્યું છે, એની ઝાંખી એક નવા જ અંદાજમાં પ્રદર્શિત કરવામાં આવશે.

### 3) ક્રાફ્ટ એન્ડ કનેક્ટ

ક્રાફ્ટ એક્ટીવીટીના માધ્યમથી NRI મહાત્માઓ JJ 111 ની સેવામાં જોડાય અને નાની-મોટી ગીફ્ટ આયટમ ( વેસ્ટમાંથી બેસ્ટ ) બનાવે જે આપણે JJ 111 માં આવનારા મહાત્માઓ-મુમુક્ષુઓને એક યાદગીરી તરીકે આપી શકીએ.

# દેશ-વિદેશમાં કીર્તન ભક્તિ

પૂજ્ય દાદાની જન્મજયંતી નિર્વિઘ્ને ફળીભૂત થાય, જગતના લોકોના અંતરાય તૂટે અને તેઓ આ અદ્ભુત અક્રમ વિજ્ઞાનને પામે તે હેતુથી, વિશ્વભરના ૧૭ દેશોમાં સ્વરૂપ કીર્તન ભક્તિ યોજાઈ રહી છે. દરરોજ આખા વિશ્વમાં કોઈ એક નિર્ધારિત સેન્ટર પર આ ભક્તિ અખંડપણે ચાલી રહી છે. આ 'પોઝીટિવ ભાવ'ના પરમાણું વિશ્વભરમાં ફેલાય તે માટે મહાત્માઓ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લઇ રહ્યા છે. અત્યાર સુધી આ ભક્તિને ૧૦૪ દિવસ પુરા થયા છે જેમાં ૧૨ દેશો અને ૮૭ સેન્ટરોએ ભાગ લીધો છે. કોઈ પણ બ્રેક વગર આ ભક્તિ અખંડપણે ચાલુ રહી છે.





**તો આ હતી JJ 111 ની અત્યાર સુધીની અપડેટ્સ. વધુ અપડેટ્સ આવતે અંકે.**

# ફોટો સમાચાર



અડાલજમાં તા. ૨ જાન્યુઆરીના ૨૦૧૮ પરમ પૂજ્ય દાદાશ્રીની ૩૦મી પુણ્યતિથીના કાર્યક્રમ દરમ્યાન ‘જ્ઞાનીપુરુષ’ ગ્રંથના ભાગ ૧ નું પૂજ્યશ્રીના હસ્તે વિમોચન થયું. આ માટે યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં મહાત્માઓને ગ્રંથની પહેલી આવૃત્તિ ગીફ્ટ પેકિંગમાં રીબીનથી બાંધીને આપવામાં આવી હતી. પૂજ્યશ્રી સંગે સહુ મહાત્માઓએ પોતાના ગ્રંથની રીબીન ખોલી ‘જ્ઞાનીપુરુષ’ ગ્રંથનું વિમોચન કર્યું, જે એક અભૂતપૂર્વ ઘટના બની. પહેલા જ દિવસે ગ્રંથની તમામ ૬૦૦૦ કોપીઓ વેચાઈ ગઈ, જે દાદાની વાણી પ્રત્યે મહાત્માઓનું આકર્ષણ દર્શાવે છે.



## ❖ GTUની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઝળકી








# ❖ જગકલ્યાણી થવા, સાધવું બ્રહ્મચર્ય



MMHT શિબિર
૧૮-૨૨ જાન્યુઆરી ૨૦૧૮
૨૬00 ભાઈઓ (અડાલજ)




WMHT શિબિર
૨૪-૨૮ જાન્યુઆરી ૨૦૧૮
૫૨00 બહેનો (અડાલજ)

MBA ભાઈઓ શિબિર
૭-૧૧ માર્ચ ૨૦૧૮
આપ્તસંકુલ ભાઈઓ +300
બ્રહ્મચારી ભાઈઓ
(લીંચ-મહેસાણા)



MBA બહેનો શિબિર ૧૨-૧૫ માર્ચ
૨૦૧૮ આપ્તસંકુલ બહેનો
+ 300 બ્રહ્મચારી બહેનો
(લીંચ-મહેસાણા)



## ❖ WMHT અપડેટ્સ





૩ માર્ચ, ૨૦૧૮ના રોજ યુ.એસ.એ. માં "નેશનલ WMHT ડે" ઉજવવામાં આવ્યો હતો. તેમાં આખા દેશમાંથી કુલ ૧૭ સેન્ટરોના ૩૦૦ થી વધુ મહાત્મા બહેનોએ ભાગ લીધો હતો. WMHT બહેનો પોત-પોતાના સેન્ટર પર ભેગા થયા હતા અને અમુક સેન્ટરમાં ૪ કલાક, તો અમુક સેન્ટરમાં દોઢ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બહેનો રાત્રે સાથે રોકાયા પણ હતા. આ કાર્યક્રમમાં જ્ઞાન સાથે ગમ્મત કરાવતી ગેમ્સ, ડીવીડી સત્સંગ, સામાયિક, સ્વરૂપ કીર્તન ભક્તિ, ગરબા અને બીજી અનેક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. WMHT બહેનોને આ ગેટ-ટુગેધરમાં ખૂબ આનંદ આવ્યો હતો અને વારંવાર આવી પ્રવૃત્તિઓ થતી રહે તેવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

## ❖ MBA ભાઈઓ અપડેટ્સ

તા. ૨૩ થી ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન સંકુલના ભાઈઓ તથા બ્રહ્મચારી ભાઈઓની રિટ્રીટ તથા એડવેન્ચર પીકનીક થઇ જેમાં હરિદ્વાર, ઋષિકેશ, મસુરી, ધનોલ્ટી અને દહેરાદુન જેવા સ્થળોનો સમાવેશ થયો. સંકુલના ભાઈઓ અને ભારતમાં વસતાં MBA (બ્રહ્મચારી) ભાઈઓનું વાર્ષિક ગેટ ટુ ગેધર થાય, સંકુલના ભાઈઓનું સાનિધ્ય મળે, અભેદતા વધે, બ્રહ્મચર્યની સાધના થાય એવા હેતુ સાથે આવી રિટ્રીટનું આયોજન થતું હોય છે. આ વર્ષે ૨૫૦ ભાઈઓએ આ રિટ્રીટનો લાભ લીધો.







# GNC Updates

૧) ''વિઝડમ વર્કશોપ'' - ગુરુ તેમજ પેરન્ટ્સ માટે વિનયનું મૂલ્ય સમજાવતા વિઝડમ વર્કશોપ જુદા જુદા અંદાજિત ૨૦ સેન્ટર પર થયા. અત્યાર સુધી અંદાજે ૧૭૫૧ યુવાનોએ આ વર્કશોપમાં ભાગ લીધો.

૨) શિક્ષકો માટે ''વિઝડમ વર્કશોપ'' - જ્ઞાનીની દ્રષ્ટિએ શિક્ષક કેવા હોવા જોઈએ, તેની સમજણ આપતી પહેલી વર્કશોપ અડાલજની અંબા સ્કૂલમાં થઈ.

૩) જાન્યુઆરીમાં સમગ્ર ભારતના YMHT ની પીકનીક મુંબઈ [ અલીગઢ, મુંબઈ અને ઈમેજીકા ] થઇ જેમાં ૧૪૦ યુવાનો જોડાયા હતા.

૪) જ્યાં YMHT ગર્લ્સના સેન્ટર નથી અને દાદા પરિવાર સાથે જોડાયેલ છે તેવી હિન્દી ભાષી છોકરીઓ સાથે ઝૂમ વિડીયો સત્સંગ ચાલુ કર્યા છે.

૫) UK અને દુબઈમાં બાળકોએ સાથે મળી વેલેન્ટાઇન ડેની ઉજવણી કરી, ૨ ડિસેમ્બરે પૂજ્ય નીરુમાના જન્મ દિવસની ઉલ્લાસભેર ઉજવણી કરી. આ સેન્ટરના LMHT બાળકો સાથે ઝૂમ સત્સંગ થાય છે, જેમાં બાળકો સાથે અડાલજ સંકુલના બહેનો સત્સંગ કરે છે.

૬) મલેશિયાના મલાક્કા શહેરમાં LMHTના સેશનની શરૂઆત થઈ.

૭) UK પોન્ટીન શિબિરના ઓપનીંગ માટે UK ના બાળકો દ્વારા ૧ કલાકની કલ્ચરલ ઇવેન્ટ થઇ.

૮) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે તૃતિય Educational Innovation Fair-2018 થયો. ભુજના બાળકોમાં યુનિક રીતે સંસ્કાર સિંચન કરાવતા પ્રોજેક્ટ તરીકે 'I SPREAD HAPPINESS' ટોપીક પસંદ કરાયો હતો. ભુજના સ્કૂલ પ્રોજેક્ટ સેવાર્થીઓ દ્વારા કરેલ સ્ટોલની વિવિધ શાળાઓના ૧૬૦ જેટલા શિક્ષકોએ મુલાકાત લઇ પોતાની શાળામાં પણ આ પ્રોજેક્ટ ચાલુ કરવાની અનુમતિ માંગી છે.






# ૬ માર્ચ - પૂજ્યશ્રીનો ૪૮ મો જ્ઞાન દિવસ





# ૧૯ માર્ચ - વાત્સલ્યમૂર્તિ પૂજ્ય નીરુમાની ૧૨ મી પુણ્યતિથિ





# કષાય રહીત સેવા -

# સેવાર્થીઓના અનુભવો

"જ્યારે સેવામાં જોડાવાનું થયું ત્યારે ખરેખર સેવા એટલે શું, સેવા શું કામ કરવાની, શું ધ્યેય સાથે કરવાની એ કશું જ ખબર નહોતી. ત્યારે સેવા એટલે જાણે ''નીરુમાને રાજી કરવાનું એક મોટું સાધન'' અને એ આધારે સેવા થતી હતી. પણ ધીરે ધીરે એ ભાવના દબાતી ગઈ અને હાર્ટની જગ્યાએ બુદ્ધિએ કબજો જમાવવાનું શરૂ કર્યું. જેમ જેમ સેવામાં વર્ષો ગયા એમ મળેલી સેવા અંગેની કુશળતા વધતી ગઈ અને સાથે સાથે 'અહંકાર' પણ. એ ચગેલા અહંકારના કારણે સેવામાં સાથે કામ કરનારા સહાધ્યાયી સાથેના કષાયો પણ વધ્યા. કપટ કરીને ઉપરી પાસેથી માન ખાવાનું, સહાધ્યાયીને સ્પર્ધાથી નીચે પાડી દુઃખ આપવાનું, મળેલી સેવા માટેનું પઝેસીવનેસ વધતું ગયું અને એના આધારે વ્યક્તિઓ માટેના નેગેટિવ પણ ખૂબ વધ્યા.

પછી આ બાબતે પૂજ્યશ્રીને મળતા એમણે આમાંથી બહાર નીકળવાની ચાવીઓ આપી, જેમાં સહાધ્યાયીઓને બરાબરીનો દાવ આપો, મીટીંગમાં પહેલા બધાના મંતવ્યો જાણીને સૌથી છેલ્લે તમારો વ્યુ જણાવો, સામાના વ્યુપોઈન્ટને સમજવાની ટ્રાય કરો, અહંકારના ઘોડા પરથી નીચે ઉતરો, સામેનાના પોઝીટીવ શોધી કાઢો અને એમની માટે ઊભા થતા નેગેટિવને એ પોઝિટિવ વડે ભાગો, સહાધ્યાયી પ્રત્યેના અભિપ્રાય તોડો....વગેરે વગેરે ચાવીઓ આપી. અને એ પહેલા કાયમ મને એવું રહેતું કે મને સામેવાળા વ્યક્તિ સાથે સ્પર્ધા નથી પણ એને જ છે, પરંતુ પૂજ્યશ્રીના એક વાક્યથી એ તૂટ્યું. એમણે કહ્યું કે 'લોકો જીવતી વ્યક્તિ સાથે સ્પર્ધા કરે કે મડદા સાથે કરે? માટે સમજી જાઓ કે અંદર અહંકાર જીવતો છે અને એટલે લોકોને ક્લેઈમ છે આપણાથી. તમે અહંકારમાંથી બહાર નીકળશો તો કોઈનો તમારા માટેનો ક્લેઈમ નહીં રહે.'

સહાધ્યાયી સાથે કષાયો થવાના કારણે એ ડીપાર્ટમેન્ટમાંથી નીકળી જવા માટે પણ પૂજ્યશ્રીને કહ્યું ત્યારે એમણે કહ્યું કે 'તમે ડીપાર્ટમેન્ટમાંથી નીકળી જશો પણ તમારી પ્રકૃતિ તો જોડે લઈને નીકળશો ને? તો ભરોસો છે કે બીજે આવા કષાય નહીં થાય? એના કરતા જ્ઞાનથી આ કષાયોને ખાલી કરશો તો પછી તમે ગમે ત્યાં જશો તો એડજેસ્ટમેન્ટ લઇ શકશો.' અને એકવાર તો અમુક દોષોના કારણે આખી સેવા જ છોડી દેવા માટે પણ મેં પૂજ્યશ્રીને કહ્યું હતું ત્યારે પણ એમણે એટલા પ્રેમથી કહ્યું હતું કે 'તમારે હોસ્પિટલની બહાર જઈને ચોખ્ખા થવું છે? એ નહીં થવાય. આ ''ઈગો હોસ્પિટલ'' છે. અહીં જ ચોખ્ખા થવાશે.'

આમ એમના સતત ગાઈડન્સથી રોજ એક-એક ડગલું કષાયરહિત સેવા કરવા ભણી આગળ વધાય છે. અને જે પ્રકૃતિ ક્યારેય નાનપણથી અત્યાર સુધી નહોતી ઓળખાઈ એ સેવામાં અથડામણમાં આવવાથી બહાર આવે છે અને એને ઓળખવાનો સ્કોપ મળે છે. અને ત્યારબાદ એને જ્ઞાનથી ઓગાળતા આનંદ સાથે આગળ વધાય છે."

- સેવાર્થી બેન



"એક વખત લેખ ( આર્ટીકલ ) બનાવતી વખતે ટીમમાં મેટર ( સાહિત્ય ) અને ડીઝાઇન માટે ખૂબજ કષાયો થતા હતાં, અન્યના નેગેટીવ પણ ખૂબજ જોવાતા હતાં અને ટીમમાં કંઇ પણ બતાવીએ તો કેન્સલ જ થયા કરે. એક વખત મેટર શોધતી વખતે નીરુમાનું કહેલું એક વાક્ય યાદ આવ્યું કે ''દાદાના કોઈપણ પ્રોજેક્ટમાં કષાયો થશે તો ગમ્મે તેટલું સારું કામ હશે તો પણ કંઇજ ઈફેક્ટ ( અસર ) નહીં પડે અને જો પ્રોજેક્ટમાં કાંઈ ના હોય, પણ કષાયરહિત હશે તો ખૂબ જ સારી ઈફેક્ટ પડશે.'' આ વાક્યને પકડીને કામ કર્યું તો બધું જ અપ્રુવ ( પાસ ) થવા માંડ્યું. અને જયારે આઉટપુટ આવ્યો ત્યારે ખૂબજ સરસ અનુભવો થયા અને મહાત્માઓનો ખૂબજ સારો રિસ્પોન્સ મળ્યો. આ અનુભવ પરથી એવું લાગ્યું કે દાદાનું જ્ઞાન હંમેશા કષાયરહિત કરીને જ જગતને પહોંચાડી શકાશે. કષાય થશે તો દાદાનું જ્ઞાન કોઈને નહીં પહોંચાડી શકાય."

- સેવાર્થી બેન



"હું સેવામાં ઘણાં સમયથી હતો. પણ એક એવો સમય આવ્યો કે મારી કમાન વારંવાર છટકવા લાગી. નાની નાની વાતમાં ગુસ્સો આવતો. હું સેવાનું કામ તો કરતો પણ લોકો મારાથી ડરતા. નાની ભૂલ થાય અથવા કોઈ થોડું પણ આડું બોલે, અપમાન કરે, કામમાં ભૂલ બતાડે તો એ વ્યક્તિની આવી બને. મારો ક્રોધ રેડી જ હોય. બધા મારાથી દુર રહેવા લાગ્યા.

ત્યારે જ પૂજ્યશ્રીએ કમાન ન છટકે એ ટોપિક પર સત્સંગ કર્યો. પૂજ્યશ્રી પાસે મેં કમાન ન છટકે તે માટે શક્તિ માંગી. પૂજ્યશ્રીએ કહ્યું કે નિશ્ચય તો શરુઆત છે, કયા કારણોથી કમાન છટકે છે એ એનાલીસીસ કર, તો ઉકેલ આવશે.

તે દિવસથી મેં સેવા સાથે હોમવર્ક ચાલુ કર્યું. ૩ મહિના ખૂબ એનાલીસીસ કર્યા છતાં કમાન તો છટકતી. મને કારણો જડ્યા, ખબર પણ પડે કે કમાન છટકે છે, પણ કમાન તો છટકતી જ. છેલ્લે કંટાળી ફરી પૂજ્યશ્રી પાસે માર્ગદર્શન લેવા ગયો. પૂજ્યશ્રીએ કહ્યું કે ''કમાન નહીં છટકે. નિશ્ચય સ્ટ્રોંગ કર.'' પુના જન્મજયંતીમાં માન-અપમાન, ભૂલ વગેરેના ઘણાં પ્રસંગો આવ્યાં. હું રોજ સવારે દાદા પાસે કમાન ન છટકે તે માટે શક્તિઓ માંગતો. દાદાની કૃપાથી એક એક દિવસ કમાન છટક્યા વગર જવા લાગ્યા.

આમ અનુભવ થયો કે પૂજ્યશ્રીના વચનબળથી કમાન છટકવાનું ખૂબ ઓછું થઇ ગયું. સ્ટ્રોંગ નિશ્ચય અને કષાય પર વર્ક કરવાથી કષાયોથી મુક્ત થઇ શકાય એવું છે. જ્ઞાનીની કૃપા અને આશીર્વાદ કષાયરહિત સેવા કરવામાં મૂળ છે."




- સેવાર્થી ભાઈ

# ત્રિમંદીર અપડેટ્સ

## વડોદરા :

તા. ૯ ફેબ્રુઆરીના પૂજ્યશ્રીના શુભ હસ્તે વડોદરા ત્રિમંદિર ખાતે સ્ટોપ એન્ડ સ્ટે, ડોરમેટરી, ઊણોદરી અને ફૂડકોર્ટનું *ઉદ્‌ઘાટન* થયું. વડોદરા 'સ્ટોપ એન્ડ સ્ટે'માં ૧૪ રૂમ છે. ડોરમેટરીમાં ભાઈઓ અને બહેનો માટે અલગથી રહેવા માટેની સુવિધા છે.









## મુંબઈ :

મુંબઈમાં બોરીવલી નેશનલ પાર્કની સમીપે, પહાડની ટોચ પર નિર્માણ થનાર ત્રિમંદિર અન્ય ત્રિમંદિરથી કંઇક જુદું જ હશે. આ ત્રિમંદિરમાં ૧૩ ફૂટના સ્વામી બિરાજમાન થશે. હાલમાં આ ત્રિમંદિરના બેઝમેન્ટનું કામ પૂરું થવામાં છે. થોડા સમયમાં મંદિરનું કામ શરૂ થશે.

## જામનગર :

જામનગર ત્રિમંદિરનું નિર્માણ કાર્ય ધીરેથી વેગ પકડી રહ્યું છે. આ ત્રિમંદિરમાં ૯ ફૂટના સ્વામી બિરાજમાન થશે. હાલમાં આ ત્રિમંદિરના પાયાનું કામ ચાલુ છે.



# GNAN BOOSTER

## March 2018



પ્રશ્નકર્તા : બહાર બધું કરીએ છીએ પણ અંદર કંઇ ફેરફાર થતો નથી.

પૂજ્યશ્રી : આ ફોરેનનો ૩-૪ વરસનો છોકરો હોય તો એટલું સરસ ઇંગ્લિશ બોલે તે આપણે અહીંના મોટા લોકોને યે બોલતા ફાફા પડે. કેમ ? તો કહે, એને આખો દિવસ ઇંગ્લિશનો જ પરિચય મળે છે સ્કૂલમાં, ઘરમાં, ફ્રેન્ડસમાં. તેવું આપણને અહીં આખો વખત જ્ઞાનનો પરિચય મળે છે. માટે ફેરફાર થશે જ. ખાલી પરિચયમાં રહ્યા કરવાનું.

## March 2018

પ્રશ્નકર્તા : એવું વાંચવામાં આવ્યું છે કે આપણામાં શક્તિ હોય તો જ એ સીટ અથવા સત્તા આપણને પ્રાપ્ત થાય પણ અત્યારે એવું લાગે છે કે અમને ટાઇટલ મળ્યું છે પણ એની પાત્રતા અમારામાં નથી.




પૂજ્યશ્રી : ATKT (Allowed to Keep Terms) સાંભળ્યું છે કે ? એમાં એવું હોય છે ને કે તમને આગળના ક્લાસમાં બેસવા મળે પણ પાછલા ક્લાસના બધા સબ્જેક્ટ ક્લીયર કરવા પડે. અહીં પણ એવું જ છે. ATKT (Allowed to Keep Title) ટાઇટલ મળી ગયું છે પણ હવે એ ટાઇટલની પાત્રતા કેળવવાની છે.

## March 2018



પ્રશ્નકર્તા : પૂજ્યશ્રી, આપે જે દાદાવાણીનું હોમવર્ક આપ્યું તો અમારે આ Study કેવી રીતના કરવી ?

પૂજ્યશ્રી : આ Custody માંથી કેમ કરીને છૂટાય એવી રીતે Study કરવી.

# સમાધિ મરણ અનુભવ

મહાત્માઓને 'સમાધિ મરણ' જ હોય છે, જે આપણે મૃત્યુના અનેક પ્રસંગોમાં અનુભવ્યું છે. દાદાના જ્ઞાનથી  અંતિમ સમયે જુદાપણાની જાગૃતિ ટોપ મોસ્ટ રહે. દેહ વેદનામાં હોય પણ ચહેરા પર અલૌકિક આનંદ છવાયેલો રહે. સંસારનો બધો જ મોહ સમેટાઈને અહીંથી સીધા સીમંધર સ્વામીની પાસે જ જવું છે એવી એકમાત્ર ઝંખના સાથે દાદા, નીરુમાની સાક્ષાત હાજરી અનુભવાતી હોય એવા સમાધિ મરણનો પ્રસંગ અડાલજમાં ફરી જોવા મળ્યો.

મહાત્મા પંકજભાઈ શાહ કેન્સરના છેલ્લા સ્ટેજમાં હતા. છેલ્લા ૧૧ દિવસ તેઓ અંબા હેલ્થ સેન્ટરમાં હતા. લાંબી અને વેદનાવાળી બીમારી હોવા છતાં તેઓ ઉપયોગપૂર્વક, સ્વસ્થતા સાથે વિધિ, વાંચન, આરતી, પૂજ્ય નીરુમાના સત્સંગ તથા સીમંધર સ્વામીની બુક સાંભળતાં. બિમારી ધીરે ધીરે વધુ પ્રસરી રહી હતી.

પંકજભાઈ ક્યારેક એક-બે દિવસ સ્લીપિંગ મોડમાં જતા રહેતાં. ત્યારે રાત-દિવસનું ભાન પણ ન રહેતું. છતાં તેમનો વિધિ-વાંચનનો નિત્યક્રમ મનોમન ચાલુ રહેતો.

૨૫મી જાન્યુઆરીએ રાત્રે ૨ વાગે તેમનો દેહવિલય થયો. તેના આગલા દિવસે અચાનક ખૂબ સરસ રિસ્પોન્સ આપવા લાગ્યા. ૨૪મીએ રાત્રે ૮ વાગે પૂજ્યશ્રીએ વિધિ કરાવી અને સમજાવ્યું કે, ''હોળી સળગે છે અને હું તેને જોનાર-જાણનાર છું'' એવું જુદાપણું રાખવું. ત્યારબાદ તેઓ વધુ ભક્તિમય થયા. તેમનું ફેવરીટ પદ 'સીમંધર સ્વામીના પ્રત્યક્ષ દર્શન થાજો' ગાવા ઈશારાથી કહ્યું અને પછી સતત સિદ્ધસ્તુતિના વાક્યો બોલાતા રહ્યા, તેમાંય એક્ટીવ હતા.

રાત્રે ૧૨ આસપાસ ખુબ જ એનર્જેટીક રિસ્પોન્સ હતો. તેઓ સ્વામીની પ્રતિમા સામે જ જોઈ રહ્યા હતાં. સીમંધર સ્વામી પાસે જવું છે? જગત કલ્યાણ કરવું છે? દરેકમાં પોઝીટીવ રિસ્પોન્સ આપતા રહ્યાં. દાદાના ફોટા સામે જોઈને મનોમન ગણગણે કે એ મારા જ્ઞાત પિતા છે.

રાત્રે ૧ વાગે નીરુમાની સિદ્ધસ્તુતિ વાળી ભજના ફરી શરૂ કરી, જેમાં બધા જ વાક્યો ૨૫-૫૦ વાર એક્ટીવલી સાંભળ્યા. ત્યારબાદ સતત હોળી સળગે છે પણ બાધા-પીડા મને ના હોય, હું તો જોનાર-જાણનાર, અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું એવી જ્ઞાનજાગૃતિ સાથે દેહ છોડયો.

જોનારને પણ લાગે કે સીમંધર સ્વામી સાથે તેમનું સતત સાનિધ્ય હતું, ત્યાં બરાબર સેટ થઇ ગયા અને પછી અહીંથી દેહ છોડી દીધો. તેમના દેહવિલય બાદ ઘરના સભ્યોમાં પણ ખૂબ સ્વસ્થતા અને મૃત્યુ મહોત્સવનું વાતાવરણ હતું. પૂજ્યશ્રીના શબ્દોમાં - ''મોટા સંતો-મહંતોને હોય તેવી જાગૃતિ સાથે દેહવિલય થયો છે.''

આવા પ્રસંગોને નજરે જોનારામાં એક અતૂટ વિશ્વાસ જાગે છે કે ખરેખર અંતિમ સમયે દાદા હાજર રહેશે જ અને તેમને દાદા પ્રત્યે અને દાદાના જ્ઞાન પ્રત્યે અહો ! અહો ! થઇ જાય છે.

# નવું પ્રકાશન




બધું સાહિત્ય
પેનડ્રાઈવ અને
હાર્ડડ્રાઈવમાં
ઉપલબ્ધ






## બાળવિજ્ઞાનની પ્રકાશિત થયેલ
## નવી બુક્સ Tale Of Origs Pake - 2 અને પઝલ








### જ્ઞાનવાણી




### નેગેટીવ બુદ્ધિથી છુટવાની શ્રેણી




### નીરુમાની સ્પેશિયલ VCD






### બંગાળી
'હું' કોણ છું ?





### પોર્ટુગીઝ
ચરણવિધિ





### હિન્દી
DVD મુક્તિના પથ પર...





### ટુર ટુ મહાવિદેહ




### દાદાવાણી




### આપ્તવાણી-૮




જર્મન

# Spotlight



## દાદા ભગવાન પરિવારના વિઝન અને મૂલ્યો

'દાદા ભગવાન પરિવાર' એટલે આપણી પોતાની જ સંસ્થા, જેનાથી આપણે સહુ પરિચિત છીએ.


અનેક પ્રવૃત્તિઓ સાથે વિવિધ ક્ષેત્રે કાર્યરત આપણી આ વિશાળ સંસ્થા કોઈ એકલ દોકલ વ્યક્તિનું નહી પણ સામુહિક શક્તિ-સાર્મથ્યનું જ એક જીવંત ઉદાહરણ છે! પણ આની પાછળનું રહસ્ય તમે જાણો છો? આ બધાની પાછળ કોઈ મુખ્ય પરિબળ હોય તો તે છે 'જ્ઞાનીનું વિઝન' (જ્ઞાનીની દ્રષ્ટિ). હા, જ્ઞાનીના વિઝનથી જ આ સંસ્થાનું નિર્માણ થયું છે અને જ્ઞાનીના વિઝનથી જ સંસ્થાનું સુચારૂપણે સંચાલન પણ થઇ રહ્યું છે. તો ચાલો, આ અંકમાં 'સ્પોટ લાઈટ' આપને પરિચય કરાવશે દાદા ભગવાન પરિવારના વિઝન અને તેનાં મૂલ્યોનું....

દાદા ભગવાન પરિવારનું વિઝન

## ''જગત પરમ શાંતિને પામો અને કેટલાક મોક્ષને પામો''


**આપણી વિવિધ પ્રવૃત્તિઓ આ વિઝનને સાર્થક કરી રહી છે.**




દાદાશ્રીના જગતકલ્યાણના પ્રોજેક્ટસમાં સેવાના માધ્યમથી આપણે સહુ પણ સહભાગી થયા છીએ. દાદાશ્રીનો જગત કલ્યાણનો ધ્યેય આજે પ્રત્યેક મહાત્માનો ધ્યેય બની ચુક્યો છે. સૌના હૃદયમાં જગત કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવના છલકાઈ રહી છે અને એ ભાવના પરિપૂર્ણ કરવા નાના-મોટા સહુ કોઈએ સેવાના આ યજ્ઞમાં પોતાના મન-વચન-કાયા હોમી દીધા છે.



''આ દાદાની પ્રસાદી જેના પેટમાં જાય તેનું શરીર નીરોગી થાય, સુખ શાંતિને પામે, મોક્ષને પામે''



''જગતના ખૂણે ખૂણે દાદાનું આ વિજ્ઞાન પહોંચે અને બધાને સાચું જ્ઞાન મળે, અણસમજણથી બધા દુ:ખો છે તે સાચી સમજણથી દુર થાય''



''બધાને આ જગત કલ્યાણના મિશનમાં પોતાનું યોગદાન આપવાનો લ્હાવો મળે. સેવાના માધ્યમથી પોતાની પ્રકૃતિ ખપશે અને મુક્તિના પંથે આગળ વધશે''

તો આવા સર્મપિત મહાત્માઓના હૃદયની પ્યોર ભાવનાનો પડઘો અહીં આવનાર દરેક વ્યક્તિઓમાં પડયા વગર કેમ રહે? દાદાશ્રીના મૂલ્યો જ એવા છે કે તે દરેકના હૃદયને અવશ્ય સ્પર્શી જાય.

## મૂલ્યો...

- પ્યોરિટી– લક્ષ્મી, વિષય અને માનની
- કષાય રહિત વ્યવહાર
- અકર્તાભાવ
- આધીનતા – પ્રત્યક્ષ જ્ઞાનીની

જ્ઞાનીના દરેક વ્યવહારમાં આપણે આ મૂલ્યોને ઝળકતા જોયા છે. સેવાર્થીઓ અને મહાત્માઓ પણ આ જ મૂલ્યો અપનાવી મોક્ષનો પુરુષાર્થ કરી રહ્યાં છે. અને માટે જ દાદાની ઉત્કૃષ્ટ ભાવના કે

**‘જે સુખ હું પામ્યો તે સુખ આખું જગત પામો’**

જે આજે આપણા સૌની ભાવના બની ચુકી છે.

આશા છે કે આપને વિઝન અને મુલ્યોની આ સ્પોટલાઇટ ગમી હશે. આગામી અંકોમાં આપને સફર કરાવીશું દાદા ભગવાન પરિવારના વિવિધ ડીપાર્ટમેન્ટસની... એ ડીપાર્ટમેન્ટ કેવા સંજોગોમાં શરુ કરવામાં આવ્યાં, તેની પાછળ જ્ઞાનીનો આશય શું હતો વગેરેથી આપને પરિચિત કરાવીશું. તો રાહ જુઓ આવતા અંકની ...

**જય સચ્ચિદાનંદ !!**

Akram Jhalak
Dada Bhagwan Parivar
Adalaj Trimandir, Simndhar City;
Ahmedabad-Kalol Highway, Gandhinagar,Gujarat 382421
Email: newsletter@dadabhagwan.org
Website:www.dadabhagwan.org